# હાઇ પ્રાયોરીટી તાલુકાઓમાં " કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ કાર્યક્રમ –ગુજરાત વર્ષ ૨૦૧૭-૧૮" ના અમલીકરણ માટેની માર્ગદર્શિકા

હાઇ પ્રાયોરીટી તાલુકાના દરેક પ્રા.આ.કેન્દ્રના પેટા આ.કેન્દ્રના હેડકવાર્ટર ગામમાં આ કાર્યક્રમ રોલ આઉટ કરવાનો થાય છે.

- પેટા આ.કેન્દ્રના ગામની  ગ્રામ સંજીવની સમિતિ આશા અને આશા ફેસીલીટેટરની મદદથી આ કાર્યક્રમની પ્રવુત્તિઓ કરશે.
- ઝોન કક્ષાએ આપેલ તાલીમ બાદ તાલુકા કક્ષાએ ટી.એચ.ઓ.શ્રી જિલ્લાના ડી.પી.સી. અને ડેટા આસી.ની મદદથી તાલુકા કક્ષાએ તાલુકાના મેલ-ફિમેલ સુપરવાઇઝર,પ્રા.આ.કેન્દ્રના મેડીકલ ઓફિસરશ્રી, પ્રા.આ.કેન્દ્રના એકાઉન્ટન્ટ કમ ઓપરેટર અને  તમામ આશા ફેસીલીટેટરને આ કાર્યક્રમ માટે એક દિવસની તાલીમ આપશે. (આગામી માસ જુન-૨૦૧૭ સુધીમાં આ તાલીમ પૂર્ણ કરવાની રહેશે)
- પ્રા.આ.કેન્દ્ર કક્ષાએ મેડિકલ ઓફિસરશ્રી મેલ-ફિમેલ સુપરવાઇઝર અને પેટા આ.કેન્દ્રના મેલ-ફિમેલ વર્કર અને આશાઓને આ કાર્યક્રમની એક દિવસની તાલીમ પ્રા.આ.કેન્દ્ર કક્ષાએ આપશે. (આગામી માસ જુન-૨૦૧૭ સુધીમાં આ તાલીમ પૂર્ણ કરવાની રહેશે)
- આ તાલીમ બાદ તાલુકાના પેટા આ.કેન્દ્રના હેડકવાર્ટરના ગામની ગ્રામ સંજીવની સમિતિના સભ્યોને "કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ" ની પ્રવુત્તિઓ અને તૈયાર કરેલ ટુલ્સને સમજાવવા દર ૧૫ દિવસે આશા અને ગ્રામ સંજીવની સમિતિના સભ્યોને બે થી ત્રણ કલાકની તાલીમ પેટા આરોગ્ય કેન્દ્ર પર આપશે. આશા, આશા ફેસીલીટેટરની સાથે રહી ગ્રામ સંજીવની સમિતિની દર ૧૫ દિવસે બેઠક કરાવશે અને સમિતિને કાર્યાન્વિત કરી "કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ" ની પ્રવુત્તિઓ પર કામગીરી કરાવશે.
- ગ્રામ સંજીવની સમિતિના સભ્યોને એક બેઠક બોલાવી "કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ" કાર્યક્રમની માહીતી આપી ભરવાની થતી પ્રશ્નાવલી સમજાવશે અને સપ્ટેમ્બર ૧૭ ( એપ્રિલથી છ માસ સુધીમાં) તબકકાવાર ગ્રામ સંજીવની સમિતિ દ્વારા ગામમાં ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ અને પુરી પાડવામાં આવતી સેવાઓ બાબતે કાર્યક્રમ મુજબની પ્રશ્નાવલી (ટુલ્સ) ભરશે અને દરેક ગામનું વિલેજ હેલ્થ કાર્ડ સપ્ટેમ્બર ૧૭ માં તૈયાર કરશે અને પ્રા.આ.કેન્દ્ર, તાલુકા,જિલ્લા અને રાજય કક્ષાએ નિયમિત રીપોર્ટીંગ કરશે. વિલેજ હેલ્થ કાર્ડ તૈયાર કર્યા બાદ ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં અવલોકનો પર એકશન ટેકન અને ફોલોઅપની કામગીરી કરશે અને તાલુકા કક્ષાએ  જાન્યુઆરીથી માર્ચ-૨૦૧૮ સુધીમાં તમામ પેટા આરોગ્ય કેન્દ્રના ગામો માટે તાલુકા કક્ષાએ એક જનસંવાદનું આયોજન કરશે.

- **જન સંવાદના આધારે જરૂરી પગલાં લઇ આ કાર્યક્રમ સતત ચાલતો રહેશે. ગામની ગ્રામ સંજીવની સમિતિ આ કાર્યક્રમ જવાબદારી સંભાળશે. જનસંવાદ સમયે તાલુકા હેલ્થ ઓફિસરશ્રી, તમામ મેડીકલ ઓફિસરશ્રી અને સંબંધિત અન્ય ડિપાર્ટમેન્ટના અધિકારીઓને હાજર રાખવાના રહેશે.**

**જિલ્લો**

- જિલ્લા કક્ષાએ આર.સી.એચ.ઓ.શ્રી નોડલ ઓફિસરશ્રી તરીકે કામ કરશે અને ડી.પી.એમ.યુ. દ્વારા આ કાર્યક્રમની પ્રવુત્તિઓનું અમલીકરણ અને મોનીટરીંગ કરશે.

⇧

**હાઇ પ્રાયોરીટી તાલુકો**

- તાલુકા હેલ્થ ઓફિસરશ્રી નોડલ ઓફિસરશ્રી તરીકે તાલુકા હેલ્થ ઓફિસના તમામ સ્ટાફને સાથે રાખી પ્રા.આ.કેન્દ્ર અને પેટા આ.કેન્દ્રના ગામ સુધી ગ્રામ સંજીવની સમિતિને જરૂરી સપોર્ટ કરશે અને કાર્યક્રમનું અમલીકરણ અને મોનીટરીંગ કરશે અને વર્ષના અંતે જનસંવાદનું આયોજન કરશે.

⇧

**પ્રા.આ.કેન્દ્ર**

- પ્રા.આ.કેન્દ્ર કક્ષાએ પ્રા.આ.કેન્દ્રનો તમામ સ્ટાફ પેટા આ.કેન્દ્રની ગ્રામ સંજીવની સમિતિને મદદ કરશે અને જરૂરી સંશાધનો પુરા પાડશે અને કાર્યક્રમનું અમલીકરણ અને મોનીટરીંગ કરશે.

⇧

**ગ્રામ સંજીવની સમિતિ**

**(પેટા આ.કેન્દ્રના હેડકવાર્ટર ગામની)**

- ગ્રામ સંજીવની સમિતિ ગામના આરોગ્યની સેવાઓ માટે આશા ફેસીલીટેટર અને આશાની મદદથી "કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ" કાર્યક્રમ મુજબની પ્રવુત્તિઓ કરશે અને વિલેજ હેલ્થ કાર્ડ તૈયાર કરશે.

## "કોમ્યુનીટી એકશન ફોર હેલ્થ" કાર્યક્રમ અંતર્ગત કરવાની થતી કામગીરીનું પત્રક

| ક્રમ | કરવાની થતી પ્રવુત્તિ | કોને તાલીમ આપવી. | સમયગાળો | જવાબદારી |
|---|---|---|---|---|
| ૧. | હાઇ પ્રાયોરીટી તાલુકા કક્ષાએ એક દિવસીય ઓરીએન્ટેશન તાલીમ. | તાલુકાના મેલ,ફિમેલ સુપરવાઇઝર, તબીબી અધિકારીશ્રી પ્રા.આ.કેન્દ્ર, તાલુકાના પ્રા.આ.કેન્દ્રના એકાઉન્ટન્ટ કમ ઓપરેટર અને આશા ફેસીલીટેટર. | જુન-૨૦૧૭ સુધીમાં | ટી.એચ.ઓ., ડી.પી.સી. અને ડેટા આસીસ્ટન્ટ (એ.આર.સી. ) |
| ૨. | પ્રા.આ.કેન્દ્ર કક્ષાએ એક દિવસીય ઓરીએન્ટેશન તાલીમ . | મેલ, ફિમેલ સુપરવાઇઝર અને આશા. | જુન-૨૦૧૭ સુધીમાં | પ્રા.આ.કેન્દ્રના તબીબી અધિકારી , આશા ફેસીલીટેટર અને ડેટા આસીસ્ટન્ટ પ્રા.આ.કેન્દ્ર |
| ૩. | ગ્રામ સંજીવની સમિતિનું મોબીલાઇઝેશન | ગ્રામ સંજીવની સમિતિના સભ્યોને દર ૧૫ દિવસે બે થી ત્રણ કલાકની પેટા આરોગ્ય કેન્દ્ર ઉપર બેઠક બોલાવી. | સપ્ટેમ્બર - ૨૦૧૭ સુધી. | પ્રા.આ.કેન્દ્રના આશા અને આશા ફેસીલીટેટર (પ્રા.આ.કેન્દ્રના તબીબી અધિકારીશ્રી મદદ કરશે.) |

- ઉપરની કામગીરી પુર્ણ કર્યા બાદ ગ્રામ સંજીવની સમિતિના સભ્યો આશા અને આશા ફેસીલીટેટરની મદદથી પ્રશ્નાવલી (ટુલ્સ) ભરશે અને દરેક ગામનું વિલેજ હેલ્થ કાર્ડ સપ્ટેમ્બર ૧૭ માં તૈયાર કરશે.
- વિલેજ હેલ્થ કાર્ડ તૈયાર કર્યા બાદ ડિસેમ્બર-૨૦૧૭ સુધીમાં અવલોકનો પર એકશન ટેકન અને ફોલોઅપની કામગીરી કરવાની રહેશે.
- તાલુકા કક્ષાએ જાન્યુઆરીથી માર્ચ-૨૦૧૮ સુધીમાં તમામ પેટા આરોગ્ય કેન્દ્રના ગામો માટે તાલુકા કક્ષાએ એક જનસંવાદનું આયોજન કરશે.
- જન સંવાદના આધારે જરૂરી પગલાં લઇ આ કાર્યક્રમ સતત ચાલતો રહેશે. ગામની ગ્રામ સંજીવની સમિતિ આ કાર્યક્રમ જવાબદારી સંભાળશે. જનસંવાદ સમયે તાલુકા હેલ્થ ઓફિસરશ્રી, તમામ મેડીકલ ઓફિસરશ્રી અને સંબંધિત અન્ય ડિપાર્ટમેન્ટના અધિકારીઓને હાજર રાખવાના રહેશે.
- ઉકત કાર્યક્રમનું રાજય,જિલ્લા,તાલુકા,પ્રા.આ.કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્ર કક્ષાએથી સતત મોનીટરીંગ અને સપોર્ટીવ સુપરવીઝન કરવાનું રહેશે.

# રાજય કક્ષાએ કરવાના થતા રિપોર્ટીંગનું પત્રક

| પત્રક ૧ (એક દિવસીય ઓરીએન્ટેશન તાલીમની માહીતી) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લાનું નામ | ક્રમ | હાઇ પ્રાયોરીટી તાલુકાનું નામ | તાલુકા કક્ષાએ કરેલ એક દિવસીય ઓરીએન્ટેશન તાલીમની તારીખ | ક્રમ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ કરેલ એક દિવસીય ઓરીએન્ટેશન તાલીમની તારીખ |
| *A* | *B* | *C* | *D* | *E* | *F* | *G* |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| પત્રક ૨ ( ગ્રામ સંજીવની સમિતિને દર ૧૫ દિવસે ઓરીએન્ટેશન તાલીમની માહીતી) | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લાનું નામ | ક્રમ | હાઇ પ્રાયોરીટી તાલુકાનું નામ | ક્રમ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | ક્રમ | પેટા આરોગ્ય કેન્દ્રનું નામ | પેટા આરોગ્ય કેન્દ્રના ગામની ગ્રામ સંજીવની સમિતિનું નામ | પેટા આરોગ્ય કેન્દ્ર કક્ષાએ કરેલ એક દિવસીય ઓરીએન્ટેશન તાલીમની તારીખ |
| *A* | *B* | *C* | *D* | *E* | *F* | *G* | *H* | *I* |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

પત્રક ૩

(વિલેજ હેલ્થ રિપોર્ટ કાર્ડ અને આરોગ્ય કેન્દ્રના રિપોર્ટ કાર્ડની માહીતી)

<u>ખાસ નોંધ:-</u> વિલેજ હેલ્થ રિપોર્ટ કાર્ડ અને આરોગ્ય કેન્દ્રોના રિપોર્ટ કાર્ડ અને એકશન પ્લાનની માહીતી અત્રેની કચેરી દ્વારા તૈયાર કરેલ એકસલ શીટમાં ગામવાર (ગ્રામ સંજીવની સમિતિવાર) અને આરોગ્ય કેન્દ્રવાર (પેટા આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર દર માસની ૦૫ તારિખ સુધીમાં રિપોર્ટીંગ કરવાનું રહેશે)